ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૪ ટકા

# ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગરના હોદ્દેદારોની વરણી





ગાંધીનગર, તા.૧

કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગરના હોદ્દેદારોની તાજેતરમાં વરણી કરવામાં આવી હતી.

ઉમિયા માતાજી સંસ્થાન, સે-૧૨ ખાતે ઉમિયા માતાજી મંદિર, હોલ, અન્નપૂર્ણા ભોજનાલય, લગ્નબ્યુરો, સરકારી પરીક્ષાના કલાસ વગેરે ચલાવવામાં આવે છે. સમાજ ભવન સમિતિના બળેદવભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં સંસ્થાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે મનુભાઈ બી. પટેલ, મહામંત્રી તરીકે ડી.ડી. પટેલ, ખજાનચી તરીકે અશોકભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ પટેલ, સહમંત્રી તરીકે વિષ્ણુભાઈ પટેલ અને જે.કે. પટેલ તેમજ ઓડીટર તરીકે દશરથભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. લગ્નહોલના દાતા પ્રમુખભાઈ પટેલ (બિલ્ડર), અશોકભાઈ વકીલ (એપીએમસી ચેરમેન), મહેન્દ્રભાઈ પટેલ (ખેતીબેંક ચેરમેન, મહેશ્વરી પ્રેસ), પ્રહલાદભાઈ પટેલ (એમ.ડી. અર્બન બેંક), મુકેશભાઈ પટેલ (મેટ્રો પ્રેસ), ગણેશભાઈ પટેલ (પૂર્વ પ્રમુખ) અને ભરતભાઈ પટેલ (પૂર્વ પ્રમુખ) વગેરે હાજર રહ્યા હતા.

# જી.ઈ.બી. ગેસ્ટ હાઉસ ખાતે શહેરના ૫૭મા જન્મદિવસની ઉજવણી કરાશે

## શહેર વસાહત મહામંડળ દ્વારા જન્મદિવસની ઉજવણી દરમિયાન કેક નહી કપાય, દિપ પ્રાગટ્ય કરાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના ૫૭ માં જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે. શહેર વસાહત મહામંડળ દ્વારા જી.ઈ.બી. કોલોનીના ગેસ્ટહાઈસ ખાતે જયાં નગરના નિર્માણની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી તે સ્થળે સવારે ૯:૩૦ કલાકે સાદગીપુર્વક જન્મદિવસની ઉજવણી કરાશે. જન્મદિવસની ઉજવણી નિમિત્તે મહામંડળ દ્વારા કેક કાપવામાં આવશે નહી કોરોનાના કારણે જીવ ગુમાવનાર સ્વજનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરાશે જયારે ગેસ્ટ હાઉસ ખાતે દીપ પ્રાગટ્ય કરીને જન્મદિવસની ઉજવણી કરાશે. આ પ્રસંગે મ્યુનિ કમિશ્નર ધવલ પટેલ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર શહેરને ૫૬ વર્ષ પુરા થયા જયારે ૨ ઓગષ્ટના રોજ નગરનો ૫૭ મો જન્મદિવસ છે. દર વર્ષે શહેર વસાહત મહામંડળ દ્વારા નગરના જન્મદિવસની ઉજવવણી કરવામાં આવે છે. નગર વિકાસ માટે સતત રજુઆતો કરી નાગરિકોની સુખાકારી તેમજ જનજીવનને સ્પર્શતા પ્રશ્નોને વાચા આપવા મહામંડળ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવે છે. શહેરના વિકાસમાં તેમજ પ્રશ્નોના નિકાલમાં પાયાનુ યોગદાન આપતી નગરની શુભચિંતક સંસ્થા શહેર વસાહત મહામંડળ દ્વારા દર વર્ષે જી ઈ બી ગેસ્ટ હાઉસ ખાતે ગાંધીનગરનો જન્મદિવસ ઉજવવામાં આવે છે. જયારે આ દરમિયાન કેક કાપીને શહેરના વિકાસ અને પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે. આ વર્ષે પણ આ સ્થળે મહામંડળ દ્વારા જન્મદિવસની ઉજવણી કરાશે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ આ વર્ષે કોરોનાના લીધે મૃત્યુ પામેલા સ્વજનોને ધ્યાને લઈ કેક કાપવામાં આવશે નહી જી ઈ બી ગેસ્ટ હાઉસની તક્તિ પાસે દિપ પ્રાગ્ટય કરી જન્મદિવસની સાદગીસભર ઉજવણી કરાશે. મ્યુનિકમિશ્નર ધવલ પટેલ, થર્મલ પાવર સ્ટેશનના મુખ્ય ઈજનેર બથવાર તેમજ મહામંડળના પદાધિકારીઓ સહીત અન્ય સંસ્થાના પ્રતિનિધિઓ પણ હાજર રહેશે.







રૂપાણી સરકારના પાંચ વર્ષની ઉજવણી નિમિત્તે રાજય સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. કોંગ્રેસ દ્વારા સરકારના વિવિધ કાર્યક્રમો સામે મોરચો માંડવામાં આવ્યો છે. શિક્ષણના ખાનગીકરણના વિરોધનો કાર્યક્રમ એલડીઆરપી ઈન્સ્ટીટયુટની બહાર યોજાયો હતો. પોલીસે દેખાવો કરનાર શહેર પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા અને કાર્યકરોની અટકાયત કરી હતી.

# જન્મદિને વધામણી


દર્શ ચેતનકુમાર ભટ્ટ


ઈન્દ્રવદનસિંહ એ. વાઘેલા


દેનેશ પરમાર


શૈલેષકુમાર મજમુદાર
મો. ૬૩૫૭૧ ૫૦૨૨૦

# ગૌ માતાને રાષ્ટ્રીય કામધેનુ જાહેર કરવાની માંગ સાથે ઉપવાસ પર ઉતરેલા આચાર્ય હરીપ્રસાદની અટકાયત

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ગૌ માતાને રાષ્ટ્રીય કામધેનુ જાહેર કરવાની માંગ સાથે આમરણાંત ઉપવાસ પર ઉતરેલા આચાર્ય હરી પ્રસાદની પોલીસ દ્વારા અટકાયત કરી દેવામાં આવી હતી.




શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે રવિવારના રોજ સવારે આચાર્ય હરી પ્રસાદ મહારાજ ઉપવાસ પર બેઠા હતા. ગાયને રાષ્ટ્રીય કામધેનુ જાહેર કરવાની માંગ સાથે આમરણાંત ઉપવાસ પર બેઠેલા હરીદાસ મહારાજ તેમજ ગૌ ભકતોને પોલીસે ગણતરીની મીનીટોમાં સ્થળ પરથી હટાવી દીધા હતા. ત્યારબાદ સેકટર-૧૭ જુના એમએલએ સ્ટાફ કવાટર્સ ખાતે રોકડીયા હનુમાન મંદિર ખાતે પોતાના ઉપવાસ આંદોલન શરુ રહેશે તેમ આચાર્ય હરીપ્રસાદ મહારાજે જણાવ્યું હતું. ગાયને રાષ્ટ્રીય કામધેનુ જાહેર કરવાની માંગ પરિપૂર્ણ કરવા માટે પોતાના અંતિમ શ્વાસ સુધી ઉપવાસ કરવાની જાહેરાત કરી હતી.

# માનવ સાધના ટ્રસ્ટ દ્વારા ૧૨૦૦ રોપાનું વિતરણ



ચિલોડા, તા. ૧

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના આજુબાજુ રાજપરા ગામ કલ્યાણપુર, ચેખલારાણી અને સાદરા ગામમાં કોવિડ-૧૯ના સંક્રમણથી મૃત્યુ પામેલા સ્વજનોના કુટુંબોના ઘરની આગળ અને ખેતરોમાં જઈને પ્રત્યેક કુટુંબને પાંચ વૃક્ષો (આંબો, ચીકું, લીંબુ, દાડમ, સરગવાનું રોપણ કરી આપ્યું હતું. જેમાં ટ્રસ્ટના પાંચ કાર્યકરો, રમેશભાઈ પટેલ તેમજ શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાના (ઈ.ટી.આઈ.) અને ગ્રામ શિલ્પી પ્રકલ્પના સંચાલક ડૉ. પ્રવિણભાઈ દુલેરાના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ કરાયું હતું. આ સંસ્થા દ્વારા ૧૨૦૦ છોડવાનું વિનામૂલ્યે વિતરણ કરી સાચા અર્થમાં ગ્રામસેવાનું ઉમદાકાર્યનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. ઠાકોર વેચાતજી બેચરજી,** ઉ.વ. ૮૦, ગોલથરા, કલોલ
- **સ્વ. દંતાણી લાલાભાઈ બાલુભાઈ,** ઉ.વ. ૩૪, સે-૨૮, આદીવાડા
- **સ્વ. બારોટ વિનોદભાઈ મુળજીભાઈ,** ઉ.વ. ૭૧, પેથાપુર
- **સ્વ. વાણીયા મંગુબેન નરસિંહભાઈ,** ઉ.વ. ૮૫, સેકટર-૧૪
- **સ્વ. કોરી ઉર્મિલા રામપ્રસાદ,** ઉ.વ. ૪૯, સેકટર-૬
- **સ્વ. વાઘેલા ગીતાબા સુરેશકુમાર,** ઉ.વ. ૫૨, પીપળજ

**● રૂદ્રભૂમિ ●**


- **સ્વ. પરમાર દેવજીભાઈ રણછોડભાઈ,** ઉ.વ. ૭૬, સેકટર-૪
- **સ્વ. પ્રસાદ પારસનાથ સાહેબસિંહ,** ઉ.વ. ૭૧, સરગાસણ
- **સ્વ. પ્રજાપતિ રતિલાલ પુંજાભાઈ,** ઉ.વ. ૭૦, અડાલજ



પ્રયાસ સંસ્થાની યુવા ટીમ દ્વારા ફ્રેન્ડશીપ ડે ની ઉજવણી મગોડી વૃધ્ધાશ્રમ ખાતે કરવામાં આવી હતી. યુવા ટીમ દ્વારા રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે સંસ્થાના સાત્વિક ત્રિવેદી, સંકેત ગોર, કેતન પટેલ, સંજય નાયી, સુશીલ વર્મા ઉપસ્થિત રહ્યા હતા.

# ચિલોડા પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું લોકાર્પણ

ગુજરાતમાં વિજયભાઈ રૂપાણીની સરકારને યશસ્વી પાંચ વર્ષ પૂર્ણ થતા તા. ૧ થી ૯ ઓગષ્ટ સુધી વિવિધ સેવાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૧ ઓગષ્ટ 'જ્ઞાનશક્તિ દિવસ'ની ઉજવણીના ઉપક્રમે ચિલોડા પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું લોકાર્પણ કરાયુ હતુ. આ કાર્યક્રમમાં ફુલાબેન ઠાકોર, નટુભાઈ પટેલ, ધર્મેન્દ્ર ઠાકોર, કરણસિંહ વાઘેલા, હર્ષદભાઈ પટેલ, જૈમિનભાઈ પટેલ તથા શાળાના સારસ્વત મિત્રો ઉપસ્થિત રહી લોકાર્પણ કાર્યક્રમ અને જ્ઞાનકુંજ પ્રોજેક્ટ નિહાળ્યો હતો.



# પાટનગરમાં સે-૨૯ પ્રથમ વસ્યું પણ સમસ્યાઓના ઉકેલમાં પાછળ ખસ્યું...!!

## સ્થાપના સમયની જરીપુરાણી ગટર વ્યવસ્થા અને રિનોવેશન માંગતા શોપીંગ સેન્ટર્સ સાથે સ્વચ્છતા-સલામતીના પ્રશ્નો : નવી બનાવાયેલી સરકારી વસાહતો પણ અનેકવિધ સમસ્યાગ્રસ્ત : રોડ રસ્તાના નવીનીકરણમાં ઉદાસીનતા




ગાંધીનગર, તા.૧

ગુજરાતના પાટનગર તરીકે ગાંધીનગરની સ્થાપનાને આજે ૫૬ વર્ષ પુર્ણ થયા છે. વર્ષ ૧૯૬૫ની તા. ૨જી ઓગસ્ટે પેથાપુર નજીક જીઈબી કોલોની ખાતે ગાંધીનગરની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી. ગાંધીનગરની સ્થાપના બાદ સૌ પ્રથમ સરકારી આવાસનું નિર્માણ સેકટર-૨૯ ખાતે થયું. જેથી સેકટર-૨૯ને ગાંધીનગરનું પ્રથમ સેકટર બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. રાજયના સુનિયોજિત રીત વિકસાવાયેલા પાટનગરના પ્રથમ સેકટર તરીકે વિકાસ પામેલા આ સેકટર-૨૯માં અડધી સદીથી વધુ સમય વીતવા છતાં કેટલીક પાયાની સમસ્યાઓ હજુ પણ વસાહતીઓને કનડે છે જેમાં જરીપુરાણી ગટર વ્યવસ્થા, સ્વચ્છતા-સલામતીના પ્રશ્નો, રિનોવેશન માંગતા શોપીંગ સેન્ટર્સ અને પીવાના પાણીના અપુરતા પ્રેશરનો સમાવેશ થાય છે.

મનને ટાઢક વળે તેવી વનરાજીમાં વર્ષો જુના વૃક્ષો સાથે પંખીઓના કલરવનો રણકો જયાં સતત ગુંજે છે તેવા સેકટર-૨૯માં પાટનગર યોજનાના નિયત આયોજન કરતા વસ્તીમાં વધારો થવાને કારણે ગટર વ્યવસ્થા પર ભારણ વધે તે તો સ્વાભાવિક છે પરંતુ અહીં હજુ પણ એજ ગટરલાઈન મોજુદ છે જેને ૫૬ વર્ષ પહેલા નાંખવામાં આવી હતી. તેનું કોઈ અપગ્રેડેશન કરવામાં નથી આવ્યું. જુની ગટર ચેમ્બરો પર લોડ વધતો જાય છે અને વારંવાર ઉભરાઈ જવું કે ચોકઅપ થઈ જવું તેનો સ્વભાવ બની ગયો છે. આ સ્થિતિમાં વસાહતીઓને પગલે દુર્ગંધયુકત માહોલ અને માખી-મચ્છર જેવા રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ આવે છે. મોટી સંખ્યામાં લઘુમતી સમુદાયની વસ્તી ધરાવતા આ સેકટરમાં ધાર્મિક સ્થળો નજીક જ આ સમસ્યા વકરી રહી છે. વળી, માત્ર ગટરવ્યવસ્થા જ નહીં પરંતુ સે-૨૯માં શરૂઆતમાં જ શોપીંગ સેન્ટર્સ બનાવાયા હતા તે હજુ પણ જેમના તેમ છે જેનું રિનોવેશન કરવું ખૂબ જ જરૂરી છે તેવું આ સેકટરનો વેપારી વર્ગ ઈચ્છી રહ્યો છે. સેકટરમાં એક મુક્ય અને બે માઈક્રો સહિત કુલ ૩ શોપીંગ સેન્ટર છે પરંતુ અહીં પણ અન્ય સેકટર્સની જેમ રહેણાંકમાં વ્યવસાયિક એકમો વિકસ્યા છે.

સેકટર-૨૯માં વૃક્ષોની હારમાળા ભલે હોય પણ સેકટરવાસીઓને બે ઘડી હળવા થઈને લટાર મારવા નાનો-મોટો જે ગણો તે બગીચો આખા સેકટરમાં એક જ છે. સેકટરમાં પાણીનું પુરતું પ્રેશર નથી આવતું તેવી ફરિયાદો વારંવાર ઉઠે છે સેકટરમાં એક બોરવેલ બનાવવાની જરૂરિયાત હોવાનું અગ્રણી વસાહતીઓ માની રહ્યા છે. સેકટરમાં બગીચો તો એક છે પરંતુ એક પણ લાયબ્રેરી નથી અને હજુ સુધી શહેરના આંતરિક માર્ગોનું સ્માર્ટ સિટી પ્રોજેકટ અંતર્ગત નવીનીકરણ હાથ ધરાયું નથી. જો કે સેકટર-૨૯ના જાણીતા રંગમંચનું રિનોવેશન કાર્ય પ્રારંભ થઈ ચુકયું છે, હવે સેકટર 'સ્માર્ટ સ્કુલ'ને ઝંખી રહ્યું છે. સેકટરમાં વસ્તી વધારાને કારણે વાહન વ્યવહાર વધ્યો છે તેની સામે રોડ રસ્તા હજુ પણ જુના બિસ્માર અને થાગડ-થીગડ કરેલા હોવાનો અફસોસ અહીંનું વસાહત મંડળ અનુભવી રહ્યું છે. આ સાથે સેકટરમાં ખુલ્લી જગ્યા પણ મોટા પ્રમાણમાં હોવાથી આ જગ્યાઓ પર ઝાંડી ઝાંખરા અને બિનઉપયોગી ઘાસ જેવી વનસ્પતિ ઉગી નીકળવાને કારણે સરિસૃપો સહિત જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. સેકટર-૨૯માં રોડનં.૬ને સમાંતર ઝુંપડપટ્ટી વિકસી હતી જેના ઝુંપડાવાસીઓને વૈકલ્પિક આવાસો ફાળવી દીધા હોવા છતાં અહીં ઝુંપડપટ્ટી હજુ હટી નથી જે માથાભારે તત્વો દ્વારા ઝુંપડા ભાડે આપવાનો ધંધો ચલાવાતો હોવાનું સ્થાનિકોનું માનવુ છે. આ ઝુંપડપટ્ટીના કારણે ખુલ્લામાં સ્નાન-શૌચ જેવી અસ્વચ્છ પ્રવૃત્તિઓને ઉત્તેજન મળી રહ્યું છે જે જાહેર આરોગ્ય સામે ખતરારૂપ છે.








**સેકટર-૨૯માં ગટર ચેમ્બરો જુની પુરાણી છે જે સ્થાપના સમયેથી નાંખવામાં આવી હતી અને સેકટરમાં વસ્તી દિન પ્રતિદિન વધી રહી છે તેથી વારંવાર ગટર ઉભરાવાની અને ચોકઅપ થવાની સમસ્યા સર્જાય છે. અમારા સેકટરમાં પાણી પણ પુરતા પ્રેશરથી નથી આવતું જો સેકટરમાં એક બોરવેલ બનાવાય તો વસાહતીઓને રાહત રહે.**

**- યુનુસભાઈ વાય. પરમાર**
**પ્રમુખ, બયતુલમાલ, ગાંધીનગર પ્રમુખ, મદીના મસ્જિદ, સે-૨૯**

**સેકટર-૨૯ ગાંધીનગરનું પ્રથમ સેકટર છે તેનું અમને ગૌરવ છે પરંતુ તંત્ર તેને સાવ ભુલાવી દે તે યોગ્ય નથી. અહીં રોડ રસ્તાનું નવીનીકરણ હોય કે સેકટરમાં સ્વચ્છતાની જાળવણી અને નાગરિક સલામતીનો પ્રશ્ન હોય દરેક બાબતમાં હવે જાણે છેલ્લું રાખવાનું હોય તેવી સ્થિતિ અનુભવાઈ રહી છે.**

**- નવલસિંહ પી. પરમાર**
**પ્રમુખ, સે-૨૯ વસાહત મંડળ**

સરકારી આવાસોથી શરૂ થયેલા સેકટર-૨૯માં જૂના સરકારી આવાસોના વિકલ્પરૂપે વંદેમાતરમ પાર્ક નામની બે વસાહતો ઉભી કરાઈ છે અને હજુ વધુ એક નિર્માણાધીન છે. આ આવાસોમાં મોટે ભાગે વર્ગ-૩ના અને તેમાં પણ ખાસ કરીને રાજય સરકારના મંત્રીઓના સ્ટાફ, સલામતી કર્મચારીઓ વગેરેનો વસવાટ છે. જેમની ફરિયાદ છે કે શરૂઆતમાં જે રીતે જાળવણી થતી હતી તે હવે થઈ નથી રહી. આવાસોમાં સિકયુરિટી ગાર્ડની સેવાઓ અગમ્ય રીતે બંધ થઈ ગઈ છે અને સફાઈ કર્મચારીઓના કાર્યમાં સુપરવિઝનના અભાવે લાલિયાવાડી અનુભવાય છે. ધાબા પર પાણીની પાઈપ વાંદરા તોડી નાંખે તો પણ સુવિધા કચેરી નવી નાંખી આપવા માટે વસાહતીઓ પાસે નાણાં ઉઘરાવે છે. જયારે કર્મચારીઓના પગારમાંથી એચઆરએ, મેન્ટેનન્સના નાણાં તો કપાય જ છે. ગ્રાઉન્ડફલોરનું લેવલીંગ ના હોવાને કારણે ચોમાસામાં પાણીનો ભરાવો, લીલ જામવી, માખી-મચ્ચરનો ઉપદ્રવ થવો સામાન્ય છે પરંતુ આ આવાસોની પાણી ટાંકીઓની સફાઈ પણ કરાતી નથી તેથી વસાહતીઓના આરોગ્ય માટે જોખમ તોળાય છે એકંદરે સેકટર-૨૯ને શહેરનું પહેલું સેકટર બનવાનો જે લ્હાવો પ્રાપ્ત થયો છે તેની સામે સુવિધાઓ ના વિકાસમાં અને સમસ્યાઓના ઉકેલમાં પ્રાથમિકતા નથી મળી રહી તેનો વસવસો વસાહતીઓને હૈયે છે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com